સાલ : ૧૩ / સિલસિલાવાર નંબર : ૧૩૦ / શુમારો : ૪ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા. રજબુલ અસબ - શાઅબાનુલ કરીમ ૧૪૩૭ / એપ્રિલ - મે ૨૦૧૬

## પરખ

એક શખ્સ અચાનક ગુઝરી ગયા અને તેના બૈરો અને એક દીકરા જે દીનદાર હતા જેમતેમ કરીને ગુઝારો કરતા હતા. એક દિન બૈરોને યાદ આવું કે, તેના શૌહર નીલમ અને હીરાનો એક મોટો હાર મુકી ગયા છે. સોચ્યું કે, જો આ હાર હું વહેંચી દઉં તો તેની ભારી કિમત હાસિલ થઈ શકે અને ઘરને ચલાવવા વાસ્તે કઈ પણ આસરો ઊભો થઈ શકે.

બૈરો જાણતા હતા કે, તેના શૌહરના ભાઈ-દીયર કીમતી પત્થરોનો કારોબાર કરે છે અને સોના-ચાંદીના દાગીના-જવાહેરાત બનાવે છે. બૈરોએ દીકરાને બોલાવો અને કહ્યું કે, તું આ નીલમનો હાર લઈને તારા કાકાની દુકાને જા અને કહેજે કે, તે આ હારને વહેંચી દે. તેની કીમતના સબબ ઘરની ઘણી બધી મુશ્કિલીઓ દૂર થઈ જાશે.

માઁના કહેવા મુજબ દીકરો કાકાની દુકાને ગયો અને નીલમના હારને તેના હાથમાં થમાવી દીધો અને તેને વહેચી નાંખવાની વાત કહી. ઘણી વાર તક કાકા તે નીલમના હારને તપાસતા રહ્યા અને પછી કહ્યું કે, "દીકરા! માઁને કહેજે કે હમણા જો અપને આ હારને વહેંચીશું તો નુકસાનમાં જઈશું. જે વક્ત બાઝારમાં તેઝી આવશે તે વક્ત હું તારા પાસેથી આ હારને મંગાવીશ અને તે વક્ત તેની કીમત પણ ઝિયાદહ જ આવશે. **આ હારના સબબ તારા માઁની જે ઉમ્મીદ છે તે પણ પૂરી થાશે."**

આ વાત પૂરી થઈ કે તરત કાકાએ પૂછ્યું કે, દીકરા! તું હમણા શું કરે છે? દીકરાએ કહ્યું કે, સવારે ભણવા જાઉં છું અને સાંજે એવું કોઈ ખાસ કામ હોતું નથી. કાકાએ કહ્યું કે, તારા માઁને પૂછીને કાલથી દર સાંજે આ દુકાન પર આવીને મારા સાથે બેસજે. દીકરો ઘરે ગયો, માઁને તમામ વાત કહી, માઁએ હારને તિજોરીમાં પાછો મુકી દીધો અને દીકરાને દુકાન પર જાવાની ઈજાઝત આપી દીધી.

હર રોઝ દીકરો કાકા સાથે દુકાને બેસવા લાગો અને પોતાની હાઝિર-જવાબી, ઈમાનદારી અને હુશિયારીના લીધે ચંદ મહીનામાં જ જૌહરીના કારોબારમાં માહિર બની ગયો. **તેના કાકાના વેપારને ઘણો વધારી દીધો.** કાકાએ પણ તેની ખૂબ હોસલા-અફઝાઈ અને હિમાયત કીધી. દૂર-દૂરથી લોગો પોતાના કીમતી પત્થરોની પરખ કરાવવા અને જવાહેરાતના મુખ્તલિફ દાગીના બનાવવા વાસ્તે આવવા લાગા. આ દીકરાના સબબ કાકાની દુકાનનો ડંકો ગામેગામ ગુંજવા લાગો.

એક દિન કાકાએ કહ્યું કે, દીકરા! જે વક્ત પહેલી વાર તું મારી દુકાન પર નીલમનો હાર લઈને આવો હતો અને તેને વહેંચવાનો તે સહી વક્ત ન હતો. તો હવે મને એમ લાગે છે કે, બાઝારમાં તેઝી છે અને તે હારને વહેંચવાનો વક્ત આવી ગયો છે. આ વાત સાંભલીને દીકરો ખુશ થઈ ગયો. રાતે ઘરે ગયો અને માઁને આ વાત કહી. માઁએ કહ્યું કે, બેટા! કાલે સાંજે દુકાન જાતા પહેલા હું તુંને તે હાર આપી દઈશ. બીજા દિન દુકાન જાતા પહેલા માઁએ જેમ જ હાર દીકરાના હાથમાં આપો કે, તરત જ જાણે દીકરાના હોંશ ઉડી ગયા હોય, તેમ ધીમા આવાઝે બોલો કે, **માઁ! નીલમનો આ હાર તો નકલી-જાઅલી છે.** તેના પત્થરો બનાવટી છે. આ હાર તો કચરાના દામ કરતા પણ ખરાબ છે. શકની કોઈ ગુંજાઈશ ન હતી, કેમકે દીકરાના હાથમાં પરખની તાકત આવી ગઈ હતી કે, કયો પત્થર, પત્થર છે અને કયો હીરો છે, માઁને ખૂબ દુઃખ થયું અને દીકરો હારને તેના હાથમાં થમાવીને દુકાન જાવા નિકલી ગયો.

દુકાન પર કાકાએ પૂછ્યું કે, દીકરા! માઁ પાસેથી હાર લાવતા શું તું ભુલી ગયો? દીકરાએ કહ્યું કે, "ના કાકા! મેં લાવવાનો હતો પણ જે વક્ત મેં હાર હાથમાં લીધો તે જ વક્ત મને યકીન થઈ ગયું કે, તે બનાવટી છે. તમેં મને આટલા મહીનાઓ પત્થરોંની
(બકીયાહ પેજ નં. ૨ પર)

**જિસ્મની તાકત જમન છે તો અક્લની તાકત હિકમત છે.**

(પેજ નં. ૧ નું બાકી)

પરખ કરવાની ખૂબી એવી શિખવી દીધી કે, **હાથમાં પકડતાને સાથે જ મને ખબર પડી જાય છે કે, શું અસલી છે અને શું નકલી છે.**"

ભાઈ! વાહ, મને તારા પર ફખર છે. પણ બેટા હવે સાંભલ! તું પહેલી વાર મારા પાસે નીલમના હારને લાવો હતો અને તેને વહેંચીને ભારે કીમત લાવવાની તારા માઁની ખ્વાહિશ મારા આગલ કરી હતી, તે વક્ત પકડતાને સાથે જ મને ખબર પડી ગઈ હતી કે, તે હાર નકલી છે. પણ જો તે વક્ત મેં એમ કહી દેતો તો તારા માઁ વિચારતા કે, કાકાએ તંગદસ્તી અને પરૈશાનીના હાલમાં હમને સાથ ન આપો અને હારને નકલી બતાવી દીધો. તે વક્ત અય દીકરા! મારી ઝબાન ન ઉપડી અને બાઝારમાં તેઝી ન હોવાનો બહાનો બનાવીને તુંને હાર પાછો આપી દીધો. મેં તુંને તે કાબિલ બનાવો કે, તું ખુદ પરખી શકે કે, શું સહી છે અને શું ગલત !

અય મુમેનીન! સહી શખ્સ પાસેથી સહી ઈલ્મ હાસિલ કરીને સહી અમલ કરવો એ મોટામાં મોટી નેઅમત છે. ખુદાતઆલાની હમારા પર નવાઝિશ છે કે, દાઅવતુલ હક્કના સબબ મુમેનીનને ત્રણે ચીઝ એક સાથે હાસિલ થયેલી છે. **દુનિયામાં અબજો લોગો વસે છે પણ એ લોગોને નઝદીક દાઅવતુલ હક્કની નેઅમત નથી.** લેહાઝા હક્કની પરખ નથી. હમારા સાથે તરહ-તરહના મઝહબોંના, મસલકોંના અને ફિરકાઓના લોગો વસે છે, ગુમ્રાહી વાસ્તે હઝારોં રાહ ખુલેલી છે, પણ કોઈ એક જ રાહ એવી છે જે હક્કની છે, સીધી છે, સાચી છે અને મુમેનીનને નજાત અપાવવા વાસ્તે બનેલી છે. તેની પરખ ફક્તને ફક્ત ઈમામુઝઝમાન (અ.સ.) ના દાઈ જ કરાવી શકે છે. દાઈયુલ્લાહના ઝરીએ જેને હક્કની માઅરેફત હાસિલ થઈ ગઈ તેના વાસ્તે કામરાની જ કામરાની છે. ખુદાતઆલા હમારા દિલોંને સૈયેદના હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ની મહબ્બતના જૌહરથી મુઝય્યન કરે. આપ મૌલાના હાથ પર હક્કની પરખ કરનાર કરે. આમીન. ✩

---

(પેજ નં. ૭ નું બાકી)

બખ્શવામાં આવે કે, જેના રાસ અને રઈસ રાસુલ હુદૂદ સાહેબ હોય. ખુદાના હુકમથી આપે આપના ઈરાદાને તકમીલ પર પહોંચાવો અને મુમેનીન દરમિયાન આમ તૌર પર જે "ભાઈસાહેબ" નો અરફ હતો તે આપ મૌલાના વક્તે મયમૂનમાં દાઅવતે શરીફહના રઝાકાર ભાઈસાહેબો વાસ્તે "**હદ્દ સાહેબ**" નો શરફ મખ્સૂસ થઈ ગયો.


આપ મૌલા મુમેનીનને ફરમાવે છે કે, "અય મારા રૂહાની ફરઝંદો! તમેં દુનિયાના કોઈ પણ છેડા પર હોવ, કોઈ પણ મુલ્કમાં હોવ, તમારા ખાનદાની શરફ અને ડીગ્રી ગમે તેવી હોય, તમેં તમારા ફનમાં ગમે તેવા મશ્હૂરો માઅરૂફ હોવ, મગર તમેં તમારા હાથ માંથી અલવીયત અને હુસૈનીયતનું દામન હરગિઝ ન મુકજો. **ઊંચી-ઊંચી ડીગ્રીઓથી દુનિયાવી પહેચાન છે પણ ઈબાદતો ખિદમતથી આખેરતમાં પંજતને પાક (અ.સ.) ને નઝદીક તમારી પહેચાન છે.** ખાનદાન અને કબીલો તો આપસી માઅરેફત, રિશ્તેદારી અને સમાજી તઅલ્લુકાતને કાઈમ રાખવા વાસ્તે છે. પણ અલ્લાહની નઝરમાં અઝીઝમાં અઝીઝ બંદો તે છે જે પોતાના ખાલિક અને તેના જેવી મખ્લૂક સાથેના રિશ્તાને બરાબર સાચવે."

કારેઈને કેરામ! કોઈ અરફ યા ખાનદાની શરફ પોતાની સાથે જોડી દેવો યા પોતાના નામ આગલ લગાડી દેવો, ખૂબ જ આસાન બાબત છે. પણ તે શરફ પાછલ છુપેલી હકીકત, તારીખ, મહેનત, કુરબાની અને તેના સાથે રહેલા મકસદોને હાલના ઝમાનાના જવાનો સોચે અને સમઝે, તેમજ બુઝુર્ગોની પહેચાન કાઈમ રાખવા ઝરા પણ કોશિશ કરે તો ઘણું મોટું કામ કહેવાય. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ અહલે ઈમાન દરમિયાન ભાઈચારો કાઈમ કરીને મક્કા-મદીનાના લોગોને આપ એક મહાઝ-પ્લેટફોર્મ પર લાવા તે જ મુજબ હર ખાનદાનના જવાનોને ખિદમતે મિલ્લત અને બહેબૂદીએ મુમેનીનના સાયામાં પોતાની અટકની શનાખ્તને જાલવી રાખવી તે જ વક્તે હાલનો તકાઝો છે.

**વક્ત કા અબ યે તકાઝા હે સંભલના હોગા, હમ કો અબ જીનેકા અંદાઝ બદલના હોગા.**
**આકિલ કે લિયે કાફી હે એક હરફે નસીહત, નાદાન કો કાફી નહીં દફતર, ન રિસાલત.**
**હમ સે જુદા ન હો સકી મુમિન કી ખૂબીયાઁ, દેખો હમેશા ફાતેહે દૌરાં રહેંગે હમ.** ✩

**દુનિયાની તાકત દૌલત છે તો આખેરતની તાકત ઈલ્મો અમલ છે.**

## લફ્ઝી કશ-મ-કશ




**✵ ઉભી તરકીબ :**

૧) હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના મોટા ફરઝંદનું નામ સઈદુલખૈર ભાઈ છે. લેહાઝા આપ મૌલાની કુન્નીયત ______ સઈદિલ ખૈર. (૨)

૨) કામિયાબી. ફત્હ, જીત. (૩)

૩) ઝખ્મી થયા બાદ જિસ્મમાં થોડો જાન બાકી રહેવો. (૩)

૭) દેનમાલમાં હસન ______ શહીદ સાહેબ (રિ.અ.) ના મઝારે અન્વર છે. (૨)

**✵ આડી તરકીબ :**


૨) મૌ. દાઊદ નબી ______ કિતાબને ખૂબ ઈલ્હાન સાથે પઢતા હતા. (૩)

૪) ખુદાતઆલાના ______ થી પત્થરો પણ ઝુકેલા છે. (૨)

૫) લૈલો નહાર, શમ્સો કમર, રૌઝો શબ, સુબ્હો ______. (૨)

૬) સફરે ઝિંદગાની તય કરવા કોઈ એક ભલો ______ હોવો ઝરૂરી હોય છે. (૩)

**✵ સહી જવાબ આપનાર : નરગિસબુ ફિરોઝભાઇ કંજરીવાલા**




**ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-**

**નોંધ :** કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાઅબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેનું નામ ઝાહિર કરવામાં આવશે. ✩

## દિલના દોસ્ત

હમણાનો વકત, જે મશીનથી ચાલતી તમામ ચીઝોથી ભરો પડો છે, તેમાં ઈન્સાન પણ એક ચાલતું-ફિરતું મશીન બનતો જાય છે. પોતાનું જિસ્મ અને અક્લ જે કરવા વાસ્તે તાકત રાખે છે, તેને કરવા ઈન્સાન આજે ઝિયાદહથી ઝિયાદહ મશીનનો સહારો લે છે. લખવા-પઢવા વાસ્તે પણ મશીની દખલગીરી આવી ગઈ છે. યૌમીયહ-રોઝ બનેલા બનાવો એક ડાયરીમાં લખવા, ખત-કાગઝ લખવો, હિસાબ લખવો, સફર દૌરાન બનેલા બનાવો લખવા, દિલ હલકું કરવા દિલની વાતોં લખવી વગૈરહ માઝી બનતું જાય છે. લખવાનું લોગો ભુલતા જાય છે. કલમ-પેનની જગા પર બટન આવી ગયા છે. બુક-કિતાબની જગા પર સ્કીન આવી ગઈ છે. આમ થાવાથી ઈન્સાન દિલો દિમાગનો મરીઝ બનતો જાય છે.

મશીનની મુજબ ઈન્સાન પણ એકલો બનતો જાય છે. જેના સાથે વાતોં કરવી જોઈએ તેનો સાથ મુકીને એવા લોગોનો હાથ પકડે છે જેનો હરગિઝ સાથ મિલનાર નથી. એવા સ્કીનના સાથીઓ વાસ્તે ઈન્સાન પોતાના હાથની તાકતને ઝાયેઅ કરે છે. જેમ મશીનનો કે કોઈ જડ ચીઝનો દોસ્ત હોતો નથી તેમ અપને લાગે છે કે, ઈન્સાનનો પણ કોઈ સાચો દોસ્ત, હમ-ગમનો સાથી, દુખઃદર્દનો સોહબતી રહ્યો નથી કે જેને પોતાના દિલની વાત અને રાઝ કહી શકે, પોતાના દિલી ઉકદાને ખોલી શકે. આજના માહૌલમાં અપના નઝદીક એવા દોસ્ત-બિરાદર કમ છે, હમ-નશીન અને હમરાઝ કમ છે કે, જેને અપને અપના દિલની વાત કરી શકીએ.

નદી જેમ જેમ વહે છે તેમ તેમ તેના કિનારાથી તેના પાનીના ઝરીએ બેશુમાર લોગો ફાયદો ઉઠાવે છે. **તેમ જ ઈન્સાન જ્યાં-જ્યાં જાય ત્યાં-ત્યાં દોસ્તદારીની ખુશ્બૂ તેને ફેલાવવી જોઈએ.** આજે નદીઓ સુકાતી જાય છે, તેનું પાની પીવા લાયક રહ્યું નથી. તેમ ઈન્સાનની ઝિંદગી પણ સુકાતી જાય છે અને દોસ્તદારીની ઝરૂરત અને અહેસાસ બાકી રહ્યો નથી. તે મનમાં ને મનમાં પરેશાન છે, ઝિંદગીમાં નવી ઉમંગ અને ઉમ્મીદ લાવવા વાસ્તે એવા દિલનશીન દોસ્તનો સાથ લેવાનો છે કે જેને તે પોતાના દિલની વાત કરી, સુખ-દુઃખમાં શરીક કરી પોતાની ઝિંદગીને ગુલે ગુલઝાર બનાવી શકે છે. ✩

**કુરઆનની તાકત અહલુલ બૈત (અ.સ.) છે તો ઈમાનની તાકત તેઓની વલાયત છે.**

## ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૨૩

### બંદાની તકદીર માંથી ખુદાતઆલા જે ચાહે તે મિટાવી દે અને જે ચાહે તેને સાબિત રાખે

એક મરદે પરહેઝગાર, બંદએ ખાકસાર દમિશ્કથી મૌ. સુલૈમાન નબી (અ.સ.) ની મુલાકાત કરવા અને પોતાની રૂદાદ બયાન કરવા બૈતુલ મુકદ્દસ પહોંચો. નબી સાહેબ તેનો ચહેરો જોઈને, સીરતમાં ઝોહાદત જોઈને અને મુઅદ્દબાના ગુફ્તગૂ સાંભલીને ખૂબ ખુશ થયા. તે મરદ અરઝ કરવા લાગો કે, “અય ખુદાના નબી! દીનદારીને લગતું મારા પાસે બધું જ છે, પણ આ દુનિયામાં કાઈમ રહેવા વાસ્તે મારા નઝદીક કોઈ તરીકો દેખાતો નથી. હું જવાન છું, મહેનતકશ છું, મારા બલ પર હું ગુઝારો કરી શકું છું. મારા કાકાજીની એક દીકરી છે જે યતીમ છે અને હું પણ યતીમ છું. ન તો તેના પાસે કોઈ માલો મતાઅ છે ન મારા પાસે માલ કમાવવા વાસ્તે કોઈ સંગીન અસ્બાબ છે.”

“હું ચાહું છું કે હું તેના સાથે નિકાહ કરૂં પણ તે મારી મંગની અને નિસ્બતની વાતને કુબૂલ નથી કરતી. મારા સિવાયની કોઈ પણ મંગની કુબૂલ કરવા તે તૈયાર છે. નબી સાહેબ તે મરદની આ તરહની દિલસૌઝ અરઝ સાંભલીને ચોંકી ઉઠા અને આપે એક દોઆ પઢી જેના સબબ એક ઈફરીત આપના આગલ હાઝિર થયો. આપે ફરમાન કીધું કે, તું જા ફલાઁ જગા પરથી ફલાઁ દીકરીને લાવીને મારા સામને હાઝિર કર. પલભરમાં ઈફરીત તે દીકરીને લાવો અને નબી સાહેબના સામે ઉભી કરી દીધી. આપે પૂછું કે, અય દીકરી! શું તું આ મરદને પહેચાને છે? દીકરી બોલી કે, “**હાઁ! આ તો મારા કાકાજીનો દીકરો છે.** આપે પૂછું કે, તું તેના સાથે નિકાહ કરવાનો ઈન્કાર શું કામ કરે છે? દીકરી બોલી કે, અય સાહેબ! મારા ઘરમાં પણ ફકીરી છે અને આના ઘરમાં પણ. ન મારા નઝદીક કોઈ માલ છે ન એના નઝદીક. હું તેના સાથે નિકાહ કરૂં તો હમારૂં ઘર કેમ ચાલશે! હું તેને એમ કહું છું કે, તુંને કોઈ ભલી માલવાલી દીકરી મિલી જાશે અને રહ્યો મારો સવાલ, તો ખુદાએ ઝરૂર કોઈ સાહેબે માલ શખ્સને નિકાહ વાસ્તે મારી તકદીરમાં લખો હશે.”

મૌ. સુલૈમાન નબીએ તે દીકરીને ૧૦,૦૦૦ દિરહમ ઈનાયત કીધા અને કહ્યું કે, લે આ દૌલત! ખુદાના નામ પર હું તુંને આ અતા કરૂં છું અને હું તુંને આ મરદે જવાન સાથે શાદી કરાવી આપું છું, શું તુંને આ મારી તજવીઝ કુબૂલ છે? દીકરી આપની મમ્નૂનો મશ્કૂર થઈ ગઈ અને ખુશીના મારે રોવા લાગી. કહ્યું કે, અય સાહેબ! આપની મરઝી પર અને આ ઈનાયત પર મારી ઝબાન ઈકરારના કલામ સિવાય બીજું શું અદા કરી શકે! મને આ શખ્સ સાથેના નિકાહ મન્ઝૂર છે. નબી સાહેબે બેવેના નિકાહ કરી આપા.

દીકરીએ કહ્યું કે, અય સાહેબ! આપની હમારી પર ઘણી મહેરબાની થાશે જો આપ હમને હમારા વતન પહોંચાવી દો. નબી સાહેબે ઈફરીતને તલબ કીધો અને કહ્યું કે, “ **તું જા અને આ બેવેને તેમની મંઝિલ પર છોડી દે.** ” મરદ-બૈરો પોતાના વતન દમિશ્ક પહોંચી ગયા અને જે ૧૦ હઝાર દિરહમ તેમના પાસે હતા તેનાથી ઘર, ઘોડા, ખાદિમ, ઘરવખરી વગૈરા ખરીદ કીધું. બેવેને ખૂબ સુકૂન હાસિલ થયું અને ખુશી-બ-ખુશી ઈઝદેવાજી ઝિંદગી બસર કરવા લાગા. મરદ મહેનત મઝદૂરી કરીને હલાલ રોઝી કમાતો હતો અને તેના બૈરો ઓછી મગર બરકતવાલી રોઝીથી રાઝી રહેતા હતા.

બૈતુલ મુકદ્દસમાં મૌ. સુલૈમાન નબીની હઝરતમાં મૌ. જિબ્રઈલ અમીન પધારા અને અરઝ કીધી કે, આપે ફલાઁ મહીનામાં ફલાઁ જુમ્આ ના દિને આપે શું અમલ કીધો હતો? આપે ફરમાવું કે, લેવજહિલ્લાહ મેં એક યતીમ મરદને એક યતીમા બૈરો સાથે નિકાહ કરી આપા હતા અને હદીયતન ૧૦ હઝાર દિરહમ અતા કીધા હતા. મૌ. જિબ્રઈલે કહ્યું કે, “ખુદાતઆલા એમ ચાહે છે કે, આપ આઈંદા જુમ્આના દિન તે મરદ-બૈરો પાસે જાજો અને તેમને સલામ કહેજો. કેમકે, મલકુલ મૌત મારા નઝદીક પધારા હતા અને મને કહ્યું હતું કે, ખુદાના હુકમથી તે જલ્દ-અઝ-જલ્દ તે બેવે મરદ-બૈરોની રૂહ કબ્ઝ કરવાના છે.”

યૌમુલ જુમ્આએ મૌ. સુલૈમાન હવાના ઝોખાના ઝરીએ અસર બાદ તે બેવેના પાસ દમિશ્ક પહોંચા. આપ હૈરતમાં પડી ગયા. જોયું તો બેવે ખુશ છે. સલામત છે. આપ મનમાં સોચવા લાગા કે, શું મલકુલ મૌતે જિબ્રઈલને ખોટી ખબર આપી

(બકીયાહ પેજ નં. ૫ પર)

**બુઝુર્ગીની તાકત પરહૈઝગારી છે તો જવાનીની તાકત ખિદમત છે.**

(પેજ નં. ૪ નું બાકી)
હશે? આપે ખુદાની બારગાહમાં દોઆ ફરમાવી કે, ફૌરન મલકુલ મૌત હાઝિર થયા. આપ આપની ઝબાનથી કઈ કલામ કહે તે પહેલા મલકુલ મૌત બોલા કે, આપ જે સોચી રહ્યા છો તે બિલકુલ સહીહ નથી. ખુદાની કસમ! મેં જિબ્રઈલને સાચી ખબર આપી હતી. ન મેં આજ તક જૂઠ બોલો છે ન જૂઠને પહેચાનું છું. જો હું ઝરા પણ જૂઠ બોલવાનું ગુમાન કરૂં યા ખયાલમાં પણ લાવું તે પહેલા ખુદાતઆલા મને ખતમ કરી નાંખે, રાખ બનાવી દે.

અય નબીયલ્લાહ! હકીકતમાં વાત એમ છે કે, ગઈકાલે રાતે નમાઝ પઢા બાદ બેવે મરદ-બૈરો જમવા બેસા તે વક્ત એક મિસ્કીન-સાઈલે નિદા કીધી અને જમવાનું તલબ કીધું. બેવેએ તે સાઈલને બેસાડો અને બે રોટલી જમાડીને તેની ભૂખ મિટાવી. તે સાઈલ ખૂબ ખુશ થયો અને બેવેના હક્કમાં ત્રણ દોઆ કીધી. **ખુદાતઆલાએ તે ત્રણે દોઆઓને તેની બારગાહમાં કુબૂલ ફરમાવી.** પહેલી દોઆ હતી કે, "અય ખુદા! તું આ બેવેની મગફેરત કરીને તેના ગુનાહોંને મુઆફ કરી દેજે, બીજી દોઆ એ હતી કે, તું આ બેવેને આઅલા જન્નત અતા કરજે અને તીસરી દોઆ એ કે, આ બેવેની ઉમ્રને દરાઝ કરજે." સાઈલની આ અરઝ પર ખુદાએ તેને બખ્શી દીધા, જન્નતની ઝમાનત લખી દીધી અને ૪૦ સાલ તક તેમના વાસ્તે મૌતને મુઅખ્ખર કરી દીધી, ટાલી દીધી.

નબી સાહેબે સવાલ કીધો કે, ખુદાતઆલાની હુકૂમત કેવી નિરાલી છે કે, જેના વાસ્તે મૌત મુકર્રર હોય તેના એક અમલના લીધે મૌત રૂકી શકે છે? સુલ્તાને હક્કની એવી તો કેવી શાન છે કે, ઝિંદગી, રિઝક અને મૌતની હાજિતના સબબ તમામ મખ્લૂક તેના આગલ ખાશેઆના ઝુકેલી છે? તરત જ મૌ. જિબ્રઈલ નાઝિલ થયા અને ફરમાવું કે, "**અય સુલૈમાન! ખુદાતઆલાના હાથમાં તમામનો કબ્ઝો કાબૂ છે. તે ચાહે તેને સાબિત રાખે અને ચાહે તેને મિટાવી દે.** તેને પાસે છે કાએનાતના કારોબારની ઉમ્મુલ કિતાબ, તકદીરો અદલનું દફતર. ખુદાતઆલા તેની નવી-નવી શાન હર રોઝ બંદાના ખુલૂસ અને દોઆના સબબ ઝાહિર કરે છે. કોઈ પણ બંદાની જુર્અત, દખલઅંદાઝી કે તદબીર નથી કે ખુદાની શાનને રોકી શકે, ફેસલાને પલટી શકે."

અય મુમેનીન! આ કિસ્સાથી હમને સબક લેવો જોઈએ કે, ખુદાતઆલા આ જહાન પર કઈ તરહ કુદરત રાખે છે. હર બનાવ પાછલ તેના રાઝ-હિકમતની દાસ્તાન છુપેલી હોય છે. તેનું ઈલ્મ ફક્તને ફક્ત તે ખુદાએ ખલ્કે અઝીમ પાસે છે. બંદા પર વાજિબ છે કે, તે હર પલ પોતાના ખુદાના ફેસલાથી રાઝી રહે. સાઈલ જે વક્ત હમારાથી કોઈ ચીઝનો સવાલ કરે તો હમને સમઝી લેવું જોઈએ કે, તે ખુદા તરફથી આવેલો રસૂલ છે. તેને રદ કરવાથી હમેં સવાબને રદ કરીએ છીએ. ખુદાની રહેમતથી મહેરૂમ રહીએ છીએ. આફતો બલાને બોલાવીએ છીએ. સાઈલના મૂઁહથી નિકલેલા હમારા વાસ્તે દોઆઈયહ કલામ ખુદા રદ કરતો નથી. ✯

## કરમ કી નઝર સે
## ઝિક્રે તૈયેબી – ૫ શાઅબાન

જો વાબિસ્તા હે મૌલા તૈયેબ કે દર સે,
તો મુમ્કિન નહીં વો શફાઅત કો તરસે.
કે શાઅબાઁ મહીને કી હે પાઁચ તારીખ,
સના ક્યા હો તૈયેબ ઝિયા કી બશર સે.
મઝારે યુસૂફી મેં બરસી કા યે દિન,
નિકલ આએ અન્વાર શેહ કી કબર સે.
હે મગમૂમ ઔર રોતે હૈં મુમિનીં સબ,
લિપટ કે કબર કો કદમ ઔર સર સે.
થા મુમ્તાઝ મૌલા તેરા અસ્રે મયમૂન,
નિદા આ રહી હે યે શામો સહર સે.
યે દાઅવત કી તાબિશ હે હક્ક ઔર નસ સે,
મિલેગી યે તાબિશ કહાઁ માલો ઝર સે.
જિસે નકશે પા આપકા મિલ ગયા હે,
યકીનન વો મંઝિલ પે પહોંચેગા ઘર સે.
જિસે મિલ ગયા ઝિયાઉદ્દીં કા વસીલા,
બરાત મિલ ગઈ ઉસકો નારે સકર સે.
સુબ્હો શામ બેહરે ઝિયારત વો ઝૂવાર,
ચલે આ રહે હૈં ઈધર સે ઉધર સે.
બહોત દૂર હે હમસે સૈયેદના તૈયેબ,
મગર હમ નહીં દૂર ઉનકી નઝર સે.
મઝારે મુકદ્દસ પે તૈયેબ ઝિયા કે,
ન ક્યૂં ફૂલ રહેમત કે દિન રાત બરસે.
ઈસી આસ પર મેં તો જીતા હું અન્વર,
મુઝે દેખ લે વો કરમ કી નઝર સે. ✯

**તકવાની તાકત ખૌફે ખુદા છે.**

# ભાઈસાહેબ

અલ્લાહતઆલા કુરઆને કરીમમાં ફરમાવે છે કે, **"ઈન્નમલ મુમેનૂના ઈખ્વતુન"**, યાઅની મુમેનીન ભાઈઓ છે. ઈમાનો ઈબાદતથી એકબીજાના ભાઈ છે. ઈખ્લાસો ઉલ્ફતથી ભાઈઓ છે. હર તે અમલમાં એક ભાઈ બીજા ભાઈ સાથે શરીક છે કે, જેમાં મખ્લૂકની ભલાઈ હોય. જો કોઈ શખ્સનો ભાઈ મૌજૂદ હોય તો કહેવાય છે કે, તેની પીઠ મઝબૂત છે યાઅની હિમ્મતો હોંસલો બરકરાર છે. મુમેનીન આપસમાં ભાઈઓ છે. એકબીજાના મદદગાર છે. ખુશી-ગમીમાં સાથે છે. નમાઝમાં એક સફમાં ચઢનાર છે. થાલ પર અલ્લાહની નેઅમતોં જમવા સાથે બેસનાર છે. એકબીજા વાસ્તે દોઆઓ કરનાર છે.

રસૂલુલ્લાહ સૈયેદુલ અંબિયા (સ.અ.વ.વ.) એ જે વક્ત મક્કાથી મદીના હિજરત ફરમાવી તો પહેલામાં પહેલા જે અમલ આપે કીધો તે મદીનાના મુકીમ અન્સાર સાથે મક્કાથી આવનાર મુહાજેરીન દરમિયાન ઊખૂવત-ભાઈચારાનો રિશ્તો કાઈમ કીધો. જેથી આપ તમામને મોહબ્બતના તારથી જોડે. મોહબ્બત અને ભાઈચારાના સબબ દીને ઈસ્લામની તરક્કી થાય, અઝમતો ઈઝઝતમાં ઈઝાફો થાય. જે વક્ત મૌ. અલી (અ.સ.) આપ નબી સાહેબની અમાનતોને અદા કરીને મદીના પધારા તો આપે મૌ. અલીને પોતાના ભાઈ બનાવા. આપે આપના કલામમાં ઘણી વક્ત મૌ. અલીને **"અખી"**, "મારા ભાઈ" ના લફઝે ખાસથી પુકારા છે. આપે ફરમાવું કે, **"રૌઝે જઝા આ અલી, મારા ભાઈ મારા સાથે હશે. અલી મારા વઝીર છે, વારિસ છે અને મારા બાદ મુમેનીનના મૌલા છે."**

મુમેનીન, યાદ રહે કે હમેં અલીવાલા છીએ. લેહાઝા, હર નામ પાછલ હમેં ભાઈ લગાવીએ છીએ. કેમકે, મૌલા અલીની વલાયતના તુફૈલમાં હમેં ભાઈઓ છીએ. જે જગા પર ભાઈઓનો તસવ્વુર હોય તે જગા જમાઅતની નેઅમત હોય. મુમિન ભાઈઓની જમાઅત અલ્લાહતઆલાની અઝીમમાં અઝીમ રહેમત છે. અલ-ખમ્સતુલ અત્હાર (અ.સ.), પંજતને પાકની પાકીઝા હસ્તીઓમાં પણ બે ભાઈઓ શામિલ છે, હમારા પહેલા અને બીજા ઈમામ, મૌલાના હસનિલ મુજતબા (અ.સ.) અને સૈયેદુશ્શોહદા મૌલાનલ હુસૈન (અ.સ.). આ બે ભાઈઓ સિવાય કેયામત તક કોઈ બીજા બે ભાઈઓમાં ઈમામત હોવી હરામ છે. ૫૩૨ હિ. બાદ દોઆતે મુત્લકીન (આ.કુ.) ના પાક સિલસિલામાં ૬ એવા મૌકા આવા કે, જે વક્ત બે ભાઈઓમાં નસ્સ જારી થઈ યાઅની બે ભાઈઓ દાઈએ મુત્લકના દરજા પર ફાઈઝ થયા. તેમાં ૪ મૌકા યમનમાં બના અને બે મૌકા હિન્દુસ્તાનમાં બના.

આ દોઆતે કિરામ ઊલૂમો ફુનૂનમાં આઅલા દરજા પર પહોંચેલા હતા. તમામ હુદૂદ ઈલ્મો હિકમત વાસ્તે આ દોઆત તરફ મોહતાજ હતા. દાઅવતે શરીફહમાં તેઓનો મકામ મુમ્તાઝ અને મુન્ફરદ હતો. દાઈએ હક્ક કે જેના ભાઈ એમના મકામ પર પહોંચનાર હોય, નસ્સ ના સબબ દાઈ બનનાર હોય, તો તેમને અઝમતો ઈઝઝતના સબબ **"ભાઈસાહેબ"** ના ઈસ્મે શરીફથી ખિતાબ કરતા હતા, પુકારતા હતા. અલ્લાહતઆલાએ કુરઆને કરીમમાં "સાહેબ" અને "અસ્હાબ" ના લફઝને ઈસ્તેમાલ કીધો છે. ૯ માં દાઈએ મુત્લક સૈ. અલી (ક.રૂ.) ના ભાઈસાહેબ ૧૧ માં દાઈએ મુત્લક યમનમાં સૈ. ઈબ્રાહીમ (ક.રૂ.) થાય. ૧૪ માં દાઈએ મુત્લક સૈ. અબ્દુલ મુત્તલિબ (ક.રૂ.) ના ભાઈસાહેબ ૧૫ માં દાઈએ મુત્લક સૈ. અબ્બાસ (ક.રૂ.) થાય. ૧૭ માં દાઈએ મુત્લક સૈ. હસન (ક.રૂ.) ના ભાઈસાહેબ ૧૮ માં દાઈએ મુત્લક સૈ. અલી (ક.રૂ.) થાય. ૨૦ માં દાઈએ મુત્લક સૈ. હસન (ક.રૂ.) ના ભાઈસાહેબ ૨૧ માં દાઈએ મુત્લક સૈ. હુસૈન (ક.રૂ.) થાય. હિન્દુસ્તાન (વડોદરા) માં ૩૨ માં દાઈએ મુત્લક સૈ. ઝિયાઉદ્દીન (ક.રૂ.) ના ભાઈસાહેબ ૩૪ માં દાઈએ મુત્લક સૈ. શેહાબુદ્દીન (ક.રૂ.) થાય. ૩૮ માં દાઈએ મુત્લક સૈ. હમીદુદ્દીન (ક.રૂ.) ના ભાઈસાહેબ ૩૯ માં દાઈએ મુત્લક સૈ. મુફીદુદ્દીન (ક.રૂ.) થાય. લેહાઝા આના સબબ દાઅવતે હાદીયહના હરમમાં આ લફઝ જારી થયો અને દાઅવતના હરમના લોગો વાસ્તે તે મખ્સૂસ બની ગયો.

બીજી એક અહેમ વજેહ તે છે કે, ૧૧૧૦ હિ. માં ૩૨ માં દાઈએ મુત્લક સૈ. જીવાભાઈ ઝિયાઉદ્દીન સાહેબે (ક.રૂ.) અહમદાબાદથી વડોદરા હિજરત ફરમાવી તે બાદ ચંદ દોઆતે હક્કના એક જ ભાઈ હતા, જેને દાઈ ખુદ **"ભાઈસાહેબ"** ના નામથી પુકારતા હતા. જેમ આજે મુમેનીન સાહેબે ઈઝઝો લકબને મુલ્લાં સાહેબ યા મીયાં સાહેબ યા શૈખ સાહેબના નામથી

(બકીયાહ પેજ નં. ૭૫૨)

**ફરઝની નમાઝની તાકત સુન્ન્ત અને નાફેલતની નમાઝ છે.**

(પેજ નં. ૬ નું બાકી)

ખિતાબ કરે છે. તે દોઆતમાં સૈ. ઝિયાઉદ્દીન સાહેબ છે કે જેના એક જ ભાઈ સૈ. શેહાબુદ્દીન સાહેબ હતા. ૩૩ માં દાઈએ મુત્લક સૈ. મુઅય્યદુદ્દીન સાહેબના એક જ ભાઈ "ભાઈસાહેબ બુરહાનુદ્દીન" હતા. ૩૬ માં દાઈએ મુત્લક સૈ. હમીદુદ્દીન સાહેબ ના એક જ ભાઈ "ભાઈસાહેબ નજમુદ્દીન" હતા. ૩૮ માં દાઈએ મુત્લક સૈ. હમીદુદ્દીન સાહેબના એક જ ભાઈ "ભાઈસાહેબ મુફીદુદ્દીન" હતા કે, જે બાદમાં ૩૯ માં દાઈએ મુત્લક થયા. ૪૧ માં દાઈએ મુત્લક સૈ. ફખરૂદ્દીન સાહેબ ના એક જ ભાઈ "ભાઈસાહેબ હસનભાઈ" હતા.

૧૧૧૦ હિ. થી ૧૨૯૬ હિ. તક યાઅની સૈ. ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.) ના ઝમાનથી સૈ. ફખરૂદ્દીન સાહેબ (ક.રૂ.) ના ઝમાન તક જ એવા મૌકાઓ તારીખે તૈયેબીમાં ગુઝરા છે કે, **દાઈએ હક્કના એક ભાઈ હોવાના સબબ આપ એને એહતેરામન " ભાઈસાહેબ " ના અરફથી પુકારતા હતા.** આ લફઝે ખાસનો ઈસ્તેમાલ દાઅવતના હરમના અફરાદ-મેમ્બર તરીકે અને ખાનદાની શરફના રૂએ ઝિયાદહથી ઝિયાદહ ૩૯ માં દાઈએ મુત્લક સૈ. મુફીદુદ્દીન નજમુદ્દીન બિન સૈ. શેખઅલી સાહેબ (ક.રૂ.) ના બે ફરઝંદો, એક ૪૦ માં દાઈએ મુત્લક સૈ. અમીરૂદ્દીન સાહેબ (ક.રૂ.) અને બીજા માઝૂનુદ્દાઅવત સૈયેદી ભાઈસાહેબ શરફુદ્દીન (રિ.અ.) ના ઝમાનમાં વુજૂદમાં આવો. કેમકે, માઝુનુદ્દાઅવત સૈ. શરફુદ્દીનના દુખ્તર કીબૂ બૂસાહેબા, ૪૧ માં દાઈએ મુત્લક સૈ. ફખરૂદ્દીન સાહેબ (ક.રૂ.) ના નિકાહમાં આવા, જે દાઈ સૈ. અમીરૂદ્દીન સાહેબ (ક.રૂ.) ના ફરઝંદે અરજુમંદ થાય. આ તરહ એક ભાઈના દીકરાના નિકાહ બીજા ભાઈના દુખ્તર સાથે થયા અને ભાઈઓનો રિશ્તો ઔર ગહેરો થયો અને સૈ. શરફુદ્દીનભાઈ મુમેનીનમાં " **ભાઈસાહેબ** " ના નામથી મશ્હૂરો માઅરૂફ થયા.

જમાઅતમાં "ભાઈસાહેબ" નો લકબ અને ઈઝઝતો ઈજલાલ ખૂબ બલંદ હતો. મુમેનીનને દરમિયાન એક મકામ હતો. દાઅવતે શરીફહના હરમના અસ્હાબની એક મુન્ફરદ શનાખ્ત હતી. "ભાઈસાહેબ" નો ઈલ્મી-અમલી મેઅયાર આઅલા હતો. સીરત-સૂરતથી બા-તહારત હતા. આબેદીન, ઝાહેદીન, સાબેરીન અને શાકેરીન માંથી હતા. સાદી તબીઅત અને ઈન્કેસારૂલ મિઝાજ હતા. દાઈયુલ્લાહના ફરમાન માતહત મુમેનીન સાથે ખુશ તઅલ્લુક અને બહેતર રાબેતો રાખતા હતા. સૈ. ફખરૂદ્દીન સાહેબ (ક.રૂ.) એ આપના ૬ ફરઝંદોની તરબીયત એ પયમાના પર કીધી કે, તમામે તમામ દાઅવતે હક્કના ઓફોકના બલંદ સિતારા થયા અને ઈલ્મો ફઝલના ખઝાના થયા. આપ મૌલા ખાનદાને ફખરીની અસાસો બુનિયાદ બના જેના ફરઝંદોના સબબ આ આલી શાન ખાનદાનની વુસ્અત અને કુશાદગી થઈ. આ ૬ ભાઈઓના ફરઝંદો માંથી ચંદ સાહેબો દાઅવતે હક્કના હરમે આમિનની ખિદમતના દાએરામાં પૈશ-પૈશ રહ્યા, મુન્સલિક રહ્યા અને ચંદ પોતાની સુલાહીયત મુજબ મુખ્તલિફ કારોબાર પર લાગી ગયા. પણ પોતાના અરફ " **ભાઈસાહેબ** " થી વાબિસ્તા રહ્યા.

અલ-મૌલા અલ-મુકદ્દસ સૈ. તૈયેબ ઝિયાઉદ્દીન સાહેબ (ક.રૂ.) ના ઝમાને મયમૂનમાં આપે ૧૪૧૯ હિ. માં રાસુલ હુદૂદના દરજાને નુમાયા કીધો અને તેના પર આપના તીસરા ફરઝંદ મોહંમદ ભાઈસાહેબ નુરૂદ્દીન ભાઈને ફાઈઝ કીધા કે, જે આજે આકા મૌલા સૈ. હાતિમ ઝકીયુદ્દીન સાહેબ (ત.ઉ.શ.) ના ઝમાનમાં મુકાસિરૂદ્દાઅવતના દરજએ નૂરાનીયહ પર ફાઈઝ છે અને રાસુલ હુદૂદના દરજા પર આપના ચોથા ફરઝંદ ડૉ. ઝુલકરનૈન ભાઈસાહેબ હકીમુદ્દીનભાઈ ફાઈઝ છે. આપ મૌલા હર વક્ત રઝાના સાહેબો, જે ખાનદાને ફખરી સાથે વાબિસ્તા છે, તેઓને ફરમાવતા કે, "તમેં જે ખાનદાન સાથે જોડાયેલા છો, તમારી જે પહેચાન છે, તો તે દરખ્તે ફખરીના એક ફલ હોવાના નાતે તમારા પર વાજિબ છે કે, તમેં દાઅવતે શરીફહના શજરતે મુબારકહની ઈઝઝતો અઝમતને સાચવો, તમારી સીરતો સૂરત, રફતારો ગુફતાર, રહેન-સહેન વહેવારો વેપાર માંથી **દાઅવતે હક્કના અસલો ઊસૂલ અને તરીકતની નુગહત, ખુશ્બૂ, રંગ અને તાઝગી નુમાયા થાવી જોઈએ.** ફક્ત અટક, અરફ કે ખાનદાની શરફ નામ સાથે લગાડી દેવું કાફી નથી. દરજા અને ઈઝઝતનો દારોમદાર ઈબાદત, ખિદમત અને ઝોહાદત પર હોય છે."

આપ મૌલાનો ઈરાદો હતો કે, દાઅવતે હક્કના હદના સાહેબો કે, જેઓના આબાઓ અજદાદ સૈ. ફખરૂદ્દીન સાહેબ (ક.રૂ.) થી તઅલ્લુક રાખે છે, તેઓની દાઅવતે હક્કની ખિદમત અને કુરબતના સબબ એક અલાહેદા શરફ અને શનાખ્ત

(બકીયાહ પેજ નં. ૨ ૫૨)

**ઝબાનની તાકત સાચું બોલવું છે.**

# હાથથી જમવું

જમવાની અદબોંમાં છે કે, હાથના આંગલાઓથી લુકમો-કોલીયો લઈને જમવું. જમણા હાથના આંગલાઓને મિલાવીને જમનની નાની મિકદાર લઈને યાઅની નાનો લુકમો લઈને તેને બરાબર મૂઁહમાં મુકવો જેથી બેવે હોંઠના સબબ જમન ચુસાયને ઝબાન પર આવી જાય. જમનને આહિસ્તા-આહિસ્તા ચાવવું અને પછી બીજો લુકમો લેવો. ખુદાતઆલાએ જમણો હાથ પાકીઝા કીધેલો છે, લેહાઝા તેનાથી કલમ પકડવી, સલામ કરવો, જમન જમવું વગૈરહ અહલુલ બૈત (અ.સ.) ની તાઅલીમાતનો એક હિસ્સો છે, જેના પર આજે અપને અમલ કરીએ છીએ.

જમણા હાથની પાઁચ આંગલીઓ અલ-ખમ્સતુલ અત્હાર (અ.સ.) ના પાઁચ સાહેબો તરફ ઈશારો કરે છે. જેમ પૂરા બદનની તાકત જમણા હાથમાં છે અને હાથની તાકત પંજામાં છે, તેમ પૂરા દીનના અરકાનની તાકત પંજતને પાકમાં સમાયેલી છે. અંગૂઠાની વાત કરીએ તો તેનો ઈશારો માઁ ફાતેમા ઝહરા (અ.સ.) તરફ છે જેનો દરજો અનોખો છે અને ઈન્સાની જિન્સમાં આપ બીજા ચાર સાહેબો કરતા જુદા છે. જેમ આપના સબબ પંજતને પાકમાં કમાલીયત છે તેમ અંગૂઠાના સબબ હાથનો મુઠ્ઠો કામિલ થાય છે. સબ્બાબહ-ઈશારાની આંગલીની વાત કરીએ તો તે મૌલાના અલી (અ.સ.) ની શાન પર મબ્ની છે. તેનામાં એક અજબ તાકત છે અને ઝિયાદહથી ઝિયાદહ વઝન તેનાથી ઉઠાવી શકાય છે. **જેમ મૌલાના અલીની મોહબ્બતના ઝરીએ અદબ અપાય છે તેમ આ આંગલીના ઈશારાથી કોઈને પણ અદબ કે તમીઝ શીખવી શકાય છે.** વચલી આંગલી તમામ કરતા મોટી છે અને તે નુબૂવતના દરજા પર દલાલત કરે છે જેના સાહેબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) છે અને જેના દમથી બીજા સાહેબોનો વુજૂદ છે. બિન્સર-રિંગ ફિંગર અને ખિન્સર-ટચલી આંગલી, બે ઈમામો તરફ ઈશારો કરે છે. બિન્સર મૌ. ઈમામ હસન (અ.સ.) અને ખિન્સર મૌ. ઈમામ હુસૈન (અ.સ.) પર દલાલત કરે છે. બેવે એકબીજાને બાઝૂમાં છે અને આપ બેવેના ઝરીએ જ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની આલ આ દુનિયામાં કાઈમ છે. આ તરહ જમણા હાથની આંગલીઓમાં આ પાઁચે દરજાની બરકાત જમા થાય છે. હાથથી લુકમા લેવાની સુન્નત અદા કરવાથી શિકમ-પેટને શિફા મિલે છે, જમન બરાબર હઝમ થાય છે, દિમાગને રાહત પહોંચે છે અને જમવાની એક હદ બંધાય છે.

હાથથી જમવા વાસ્તે ગૈર લોગો ખૂબ દિલચસ્પ વાતોં કરે છે, જેનાથી અપની અદબ અને જમવાના તરીકા સહી સાબિત થાય છે. તેઓ કહે છે કે, ચમચીથી નહીં પણ આંગલીઓને ચૂસીને જમવામાં ઈન્સાન વાસ્તે તંદુરસ્તીના મુતઅલ્લિક ઘણા ફાયદાઓ છે. ઈન્સાનની તંદુરસ્તી તેના જમવા પર છે. તેઓ કહે છે કે, પાઁચ અંગલાઓ સામે પાઁચ ચીઝો છે. **ઈન્સાનનું જમન અને તેનું બદન પાઁચ ચીઝો સાથે જોડાયેલું છે.** અફલાક-આસ્માનો, હવા, પાની, ઝમીન અને આગ. આસ્માનો ઈલાહી તાકત, અરવાહ અને બરકાતથી ભરેલા છે. તેના અસરાત ઘણા ગહેરા છે અને તે અંગૂઠા પર દલાલત કરે છે. ઈશારાની આંગલી હવા પર, બિન્સર-રિંગ ફિંગર ઝમીન પર, વચલી આંગલી આગ પર અને ખિન્સર-ટચલી આંગલી પાની પર દલાલત કરે છે.

આ પાઁચ ચીઝોમાં ઉંચ-નીચના સબબ ઈન્સાનના બદનમાં, તેના હેલ્થમાં, તેના વિચારોમાં અને તેના વહેવારમાં તબ્દીલી વાકેઅ થાય છે. તેમાં બેલેન્સ હોવું ખૂબ ઝરૂરી છે. જમવા વાસ્તે પાઁચ આંગલીઓ જમા થાય છે તો આ પાઁચ ચીઝોની તાકત જમનમાં ઉતરે છે અને તેના સબબ જમનમાં એક ઉર્જા-તાકત પૈદા થાય છે. આ એનર્જી પાચનમાં અને જમનને સહી તૌરથી પેટ અને આંતરડામાં ટકાવી રાખવામાં મદદ કરે છે. કહેવાય છે કે, આંગલીઓના છેડા બદનના કેટલાક અહમ આઅઝાના કામ કરવાની સિસ્ટમ સાથે જોડાયેલા છે. તો જેને જમન બરાબર હઝમ ન થાતું હોય તે હાથથી જમીને તજરૂબો કરી લે અને તેનાથી થતા ફાયદાને આઝમાવી જુએ. ઈન્સાન જમવાનો ઈરાદો કરે છે, તો તે પહેલા નઝરોંથી જમનને જોઈ છે અને પછી તેને હાથ લગાડે છે. જે જમન વાસ્તે પેટને તૈયાર કરે છે. પેટ માંથી એવા રસ નમૂદાર થાય છે જે જમનને સુહૂલતથી પચાવવામાં મદદરૂપ થાય છે.

એવી તો ઘણી ગુફતગૂ છે જે અપના પંજતની જમવાના તરીકા પર રોશની નાખે છે અને અપની જમવાની અદબ કેટલી સાઈન્ટીફીક અને સાચી છે તે અપને માઅલૂમ પડે છે. ✯

**દોઆની તાકત વસીલો છે.**

## મરહબા યે મુરતઝા કા ખૈર મકદમ મરહબા
### ૧૩ રજબ

ગુલશને આફાક મેં આઈ બહારે જાફિઝા,
હર તરફ ફિરને લગી હે પુર મુઅત્તર યે સબા,
કાન મેં અહલે ચમન કે ક્યા ખબર ક્યા કેહ દીયા,
મુસ્કુરા ઉઠી કલી ગુલ ખિલખિલા કર હઁસ પડા,
બૂટે બૂટે પર બહાર આઈ, તરાવત આ ગઈ,
પત્તે પત્તે મેં ગુલેતર કી લતાફત આ ગઈ.
ડાલીયાઁ લચકીં શજર ઝૂમેં મહેક ઉઠા ચમન,
હુસ્ન સે તરતીબ મેં આઈ ગુલોં કી અંજુમન,
ખિલ ગઈ ગુલ ચાંદની નિખરા જમાલે નિસ્તરન,
લહલહાઈ નાઝબૂ લહેરાઈ મૌજે યાસમન,
શબનમે શાદાબ નરગિસ કે કટોરે ભર ગઈ,
નામ પે સામાને શાદાની કે પૂરે કર ગઈ.
અલ્લાહ અલ્લાહ બાગબાને કુદસ કા લુત્ફે અમીમ,
બન ગયા હર તખ્તએ ગુલઝાર ફિરદૌસે નઈમ,
ઈત્રે ગુલ કે લખલખે તકસીમ કરતી હે શમીમ,
અંબરઅફશાની કા ફર્ઝ અંજામ દેતી હે નસીમ,
મરહબા યે ઝીનતે ગુલઝારે આલમ મરહબા,
મરહબા યે મુરતઝા કા ખૈર મકદમ મરહબા.
હયદરે કર્રાર કા યૌમે વિલાદત આજ હે,
સફદરે જર્રાર કા યૌમે વિલાદત આજ હે,
દીન કે સરદાર કા યૌમે વિલાદત આજ હે,
કાતિલે કુફ્ફાર કા યૌમે વિલાદત આજ હે,
આજ કા દિન હે નુઝૂલે રહેમતે યઝદાઁ કા દિન,
આજ કા દિન હે હુસૂલે નેઅમતે ઈરફાઁ કા દિન.
ઈદે મીલાદે અલી હે મરહબા સદ મરહબા,
મુમિનોં મે સુબ્હ સે ગુલ હે મુબારકબાદ કા,
તહેનીયત કે ઝમઝમોં સે ગુંજ ઉઠી હે ફિઝા,
ફર્શ સે તા અર્શ નૂરે રહેમતે રબ છા ગયા,
શાદીયાનોં કે તરાને હર તરફ બજને લગે,
લામકાઁ મેં હૂરો ગિલમાઁ કે પરે સજને લગે.
હયદરો સફદર ને દુનિયા મેં કદમ રખ્ખા હે આજ,
સાકીએ કૌસર ને દુનિયા મેં કદમ રખ્ખા હે આજ,
ફાતેહે ખયબર ને દુનિયા મેં કદમ રખ્ખા હે આજ,
કાતિલે અંતર ને દુનિયા મેં કદમ રખ્ખા હે આજ,
મિલ્લતે ઈસ્લામ કા સરબાઝ ગાઝી આ ગયા,
કાઅબા કેહ ઉઠ્ઠા કે મસ્જિદ મેં નમાઝી આ ગયા.
આ ગયા મુશ્કિલકુશા મુશ્કિલકુશાઈ કે લીયે,
હક્કને ભેજા ખલ્ક કી હાજિતરવાઈ કે લીયે,
થી ઝરૂરત નૌએ ઈન્સાઁ કી ભલાઈ કે લીયે,
રહેનુમા તશરીફ લાયા રહેનુમાઈ કે લીયે,
આદમી પર નેકીયોં કી રાહ અબ ખુલ જાયેગી,
દામને આફાક સે આલૂદગી ઢલ જાયેગી.
બંદએ હક્ક કા હુવા અલ્લાહ કે ઘર મેં ઝુહૂર,
કાઅબા રૌશન કર ગયા ચશ્મે અબૂ તાલિબ કા નૂર,
બુતશિકન આયા તો ટૂટા બુતપરસ્તોં કા ગુરૂર,
હો ગયે બુત સરનિગૂં અલ્લાહવાલે કે હુઝૂર,
અસ્લો જડ સે કિલ્અએ ખયબર લરઝ કર રેહ ગયા,
સૂરમાઓં કા કલેજા ખૂન હો કર રેહ ગયા.
ઉસ જલાલત સે હુવા જલ્વાનુમા વો ખુશ સિફાત,
દરહમો બરહમ હુઈ પૂરી યે બઝ્મે કાએનાત,
ખાનએ કાઅબે મેં ઊંધે મૂઁહ ગિરે લાતો મનાત,
રેહ ગઈ સર પીટ કર શૈતાનકી સબ ઝુર્રીયાત,
કજ રવી કી રાહ સે બાતિલ કો રૂકના હી પડા,
કુફ્ર કી અકડી હુઈ ગરદન કો ઝુકના હી પડા.
ગુલ હુવા આફાક મેં વો શૈરે દાવર આ ગયા,
હામીએ ઈસ્લામ બાઝૂએ પયમ્બર આ ગયા,
નામ પર લિખ્ખી હે જિસકે ફત્હે ખયબર આ ગયા,
થરથરા ઉઠ્ઠી ઝમીં ગરદૂં કો ચક્કર આ ગયા,
બજ ગયા કૌનૈન મેં ડંકા અલી કે નામ કા,
કુફ્ર ને કલમા પઢા મૌલા અલી કે નામ કા.
જિસને ઝંડા દીન કા દુનિયા મેં ગાડા વો અલી,
જિસને દુશ્મન કો સરે મૈદાઁ પછાડા વો અલી,
જિસને બુનિયાદોં કો બાતિલ કી ઉખાડા વો અલી,
બસતીયોં કો કુફ્ર કી જિસને ઉજાડા વો અલી,
વો અલી જિસકી શુજાઅત ખલ્ક મેં મશ્હૂર હે,
વો અલી જિસકી રઝા અલ્લાહ કો મન્ઝૂર હે.

(બકીયાહ પેજ નં. ૧૧ પર)

## દરસે લિસાનુદ્દાઅવત

### نبي نو أؤو

كوئي نبي نتهي أوتا مگر وقت نا تقاضا انے أگلا نبي ني تعليم نا اثر ني كمي نا سبب أوے چهے۔ جه وقت نبي شريعت لئي نے أوے چهے ته وقت جوش، رغبت، خدمت انے عبادت كرواني چاه وغيرها لوگو ما هوئي چهے انے ته آهسته آهسته اوچهي تهاتي جائي چهے۔ يا ايم بنے چهے كه لوگو پوتانا من پسند طريقة سي عبادة و عمل ما كمي انے ودهارو كرتا رهے چهے۔ يهاں تک كه نبي ني اصل تعليم سوں هتي انے لوگو سوں كري رهيا چهے تهما تفاوت كرؤو مشكل تهئي پڑے چهے۔ أ طرح تهائي تو خدا تعالیٰ نا كلمة انے دين نے قائم انے زنده راكهوا تيمج لوگو ما پهيلائيلي بديو نے مٹاووا واسطے أ دنيا ما بيجا نبي ني پدهرامني تهاتي هوئي چهے۔

وقت پهلا نبي ني شريعت نے مانواما كچاس أوے انے أپني هدايتو نے بهولاوي ديواما أوے ته وقت كئي ايم نه كهوائي كه ته نبي نا علم ما كوئي قصور هتو يا دعوة ما كوئي كمزوري هتي۔ نا، بلكه جه موجب دهوپ-چهاؤں أوا كرے چهے يا كه سورج طلوع انے غروب تهائي چهے تيم تعليم نبوي نو ودهؤو انے اوچهو تهاؤو قدرتي چهے۔ ايک وادي نو دهني وادي نے أباد كرے چهے۔ بهار ني موسم ما تهما پهول كهلے چهے انے پچهي خزاں ما وادي ني رونق پهيكي پڑي جائي چهے۔ پر بهار ما باغ ني باغباني كرنار نے خزاں ما تهني ضرورة رهتي نتهي۔ بهار پاچهي أوے چهے كه ته باغبان وادي ما كامے لاگي جائي چهے -

### નબીનું આવ્વું

કોઈ નબી નથી આવતા મગર વક્તના તકાઝા અને આગલા નબીની તાઅલીમના અસરની કમીના સબબ આવે છે. જે વક્ત નબી શરીઅત લઈને આવે છે તે વક્ત જોશ, રગબત, ખિદમત અને ઈબાદત કરવાની ચાહ વગૈરા લોગોમાં હોય છે અને તે આહિસ્તા આહિસ્તા ઓછી થાતી જાય છે. યા એમ બને છે કે, લોગો પોતાના મનપસંદ તરીકાથી ઈબાદતો અમલમાં કમી અને વધારો કરતા રહે છે. યહાઁ તક કે, નબીની અસલ તાઅલીમ શું હતી અને લોગો શું કહી રહ્યા છે, તેમાં તફાવત કરવું મુશ્કિલ થઈ પડે છે. આ તરહ થાય તો ખુદાતઆલાના કલેમહ અને દીનને કાઈમ અને ઝિંદા રાખવા તેમજ લોગોમાં ફેલાયેલી બદીઓને મિટાવવા વાસ્તે આ દુનિયામાં બીજા નબીની પધરામણી થાતી હોય છે.

જે વક્ત પહેલા નબીની શરીઅતને માનવામાં કચાશ આવે અને આપની હિદાયતોંને ભુલાવી દેવામાં આવે તે વક્ત કઈ એમ ન કહેવાય કે, તે નબીના ઈલ્મમાં કોઈ કુસૂર હતો યા દાઅવતમાં કોઈ કમ્ઝોરી હતી. ના, બલ્કે જે મુજબ ધૂપ-છાઁવ આવા કરે છે યા કે સૂરજ તુલૂઅ અને ગુરૂબ થાય છે તેમ તાઅલીમે નબવીનું વધવું અને ઓછું થાવું કુદરતી છે. એક વાડીના માલિક વાડીને આબાદ કરે છે. બહારની મૌસમમાં તેમાં ફૂલ ખિલે છે અને પછી ખિઝાઁમાં વાડીની રોનક ફિકી પડી જાય છે. પુરબહારમાં બાગની બાગબાની કરનારને ખિઝાઁમાં તેની ઝરૂરત રહેતી નથી. બહાર પાછી આવે છે કે, તે બાગબાન વાડીમાં કામે લાગી જાય છે.

**મુશ્કિલ અલ્ફાઝ :**

| | | |
|---|---|---|
| તકાઝા - માંગ | રગબત - ચાહત, હોંશ | કલેમહ - નબીની આલ |
| તુલૂઅ - ઉગવું | ગુરૂબ - ડુબવું | ખિઝાઁ - પાનખર |
| બાગબાન - માલી ☆ | | |

**ઈલ્મની તાકત તેના મુજબ અમલ કરવામાં છે.**

(પેજ નં. ૧૫ નું બાકી)

સલામતી અને મોહબ્બતની વાતોં કરનાર ગૈર લોગો સમઝી જ નથી શકા કે ઈસ્લામની માઅના શું છે. જે દીનને, જે નબી અને એના ઘરવાલા લઈને આવા, તે મુબારક આલ સિવાય કોઈ જાણવા બેસે તો તેને ગલત ચીઝ જ હાથ લાગનાર છે. એવા વગદાર અને મશ્હૂર લોગો તક જો અપની પહોંચ હોય તો વાજિબ એ છે કે, એને સચ્ચાઈ બતાવવામાં આવે જેના સબબ અપની સહી પહેચાન કાઈમ થઈ શકે. ખુદાતઆલાની અપના ઉપર હઝાર-હઝાર નવાઝિશ છે કે, અપના નઝદીક દાઅવતે ફાતેમીયહની મુકદ્દસ ઝમીન પર દોઆતે કિરામે ઈસ્લામી ઊલૂમ અને ઈમાની ઊસૂલની કેયામત સુધી જારી રહેનારી એવી નહેરોં વહાવેલી છે કે, અપને આ નહેરોંના પાકીઝા પાની પીને, દિલો દિમાગ-દુનિયાઓ આખેરતમાં શિફા હાસિલ કરીને, ખુદની નફ્સોંને બલંદી બખ્શીએ છીએ. **અપના સિવાય આ આલમમાં કોઈને આ નેઅમતે ઉઝમા હાસિલ થઈ શકી નથી.** હવે જે ચાહે કે આ નેઅમત માંથી થોડો ઝર્રો હાસિલ કરે તો તેના પર લાઝિમ છે કે, આકા મૌલા, જે દોઆતે કિરામના વારિસ છે, એમના નઝદીક આવીને પાનીના ઘૂંટ પીને, ઈલ્મી નેઅમત હાસિલ કરી શકે છે.

સિલસિલો, સાદગી, સચ્ચાઈ અને સબર સાથે ઈલ્મી ઈમ્તિયાઝ તઅલ્લુક રાખે છે. ન કે દૌલત યા સિક્યોરિટી યા લાખોં લોગોના સરદાર હોવું યા મોટી આલીશાન મસ્જિદોંના ઈમામ હોવું, યા મોટી ઝીનતદાર પાઘડીઓ પહેરવી યા ખભાઓ પર ખૂબસૂરત અબા નાખવી યા દિલકશ મકાનાત હોવા, ગાડીઓ હોવી કે ઊંચી પહોંચ હોવી. ઈલ્મી લિયાકત એક તરફ છે અને આ તમામ માદ્દી ચીઝો બીજી તરફ છે. ઈલ્મ અને નૂરના સબબ આજે દાઅવતે ફાતેમીયહના પરચમ સરબલંદ છે.

તમામ સફાકતોં-કલ્ચરોંનું અસલ મૌ. આદમ સફીયુલ્લાહ (અ.સ.) નું કલ્ચર છે. જે સફાકતે આદમીયહ ઈબાદત અને નબીની પૈરવી પર ઉભેલી છે. આજે લોગો ઉસ્તાદને, મોઅલ્લિમને યા ગુરૂને ઝુકે છે, બે હાથ જોડીને ઉભા રહે છે, તેના હર કૌલને સર-આઁખોં પર ચઢાવે છે. તો જે **મૌ. આદમે ઈન્સાનને ખુદાની વેહદાનીયત શીખાવી તે પહેલામાં પહેલા મોઅલ્લિમ અને ગુરૂ છે** અને એમની જગા પર જે દાઈ છે તે નબીના હમશાન છે. લેહાઝા હર મુમિનના પહેલા મોઅલ્લિમ એના દાઈ છે કેમકે જે માઁથી મુમિન શીખે છે તે માઁના મોઅલ્લિમ પણ દાઈ જ હોય છે. મુમિનને આ દુનિયામાં હાસિલ થાનાર તમામ ઊલૂમને ખુદાતઆલા દાઈમાં ઘેરી લે છે. તો હવે દાઈ વાસ્તે મુમિનની નઝર અને એનું સર કઈ તરહના હોવા જોઈએ! ✯

## યા અલી

કમાલે ઔજે શરીઅત હે, યા અલી કહેના,
કુરઆને પાક કી મિદહત હે, યા અલી કહેના.
અલી કા વિર્દ હી દર અસ્લ હમ્દે ખાલિક હે,
કસમ ખુદા કી ઈબાદત હે, યા અલી કહેના.
નુસૈરીયોં કી તરહ હમ ભી ડગમગા જાતેં,
મગર હમારી તો આદત હે, યા અલી કહેના.
યે હમ સે કહેતી હે કુરઆઁ કી આયતેં હરદમ,
કિતાબે હક્ક કી તિલાવત હે, યા અલી કહેના.
પઢેં રસૂલ ભી નાદે અલી તો યે સમઝો,
રસૂલે પાક કી સુન્નત હે, યા અલી કહેના.
ખુદા કે નામ હૈં ક્યા ક્યા યે પૂછતેં ઉનસે,
જો કેહ રહેં હૈં કે બિદઅત હે, યા અલી કહેના.
યકીં હે ઝોરે કલમ ઔર ભી અતા હોગા,
રઝા સખુન કી ઝમાનત હે, યા અલી કહેના. ✯

(પેજ નં. ૯ નું બાકી)

જિસકી કૂવત ને ઉખાડા બાબે ખયબર વો અલી,
ચીર ડાલા જિસને ગહેવારે મેં અઝદર વો અલી,
જિસકો દી અલ્લાહ ને તૈગે દો પૈકર વો અલી,
જો રહા આઅદા પે મન્સૂરો મુઝફ્ફર વો અલી,
વો અલી સહેમે હુવે થે શૈર જિસકી ધાક સે,
વો અલી તાઈદ મિલતી થી જિસે અફલાક સે.
સામના કરને કી જુર્અત સરકશોં કી થી કહાઁ,
અય નઝર હર જંગ મેં દેખા હે સબને યે સમા,
ભાગ જાતેં થે યે કેહ કર અચ્છે અચ્છે પહેલવાઁ,
અલ-અમાઁ યે ઝૌરે બાઝૂ ઐસી તેગ ઐસા જવાઁ,
શાહે મરદાઁ શૈરે યઝદાઁ, કૂવતે પરવરદિગાર,
લા ફતા ઈલ્લા અલી લા સૈફ ઈલ્લા ઝુલફિકાર. ✯

**તિલાવતે કુરઆનની તાકત, ઈબ્તેદા કરતા પહેલા " બિસ્મિલ્લાહ " પઢવામાં છે.**

## ઈન્તેકાલ-પુરમલાલ

### જુમાદીયુલ અવ્વલ-જુમાદીયુલ ઉખ્રા

૧) બુજીબુ શરફઅલી ઉસીસાવાલા
બાવામાનપુરા, વડોદરા.
૩ જ. અવ્વલ ૧૪૩૭, ૧૦-૦૨-૨૦૧૬, બુધવાર

૨) સલમાબુ હુસામુદ્દીન ટીનવાલા
મારૂફળિયા, વડોદરા.
૪ જ. અવ્વલ ૧૪૩૭, ૧૧-૦૨-૨૦૧૬, જુમેરાત

૩) મુ. રહેમતુલ્લાહ સફીયુદ્દીન નવસારીવાલા
તાઈવાડા, વડોદરા.
૬ જ. અવ્વલ ૧૪૩૭, ૧૩-૦૨-૨૦૧૬, શનિવાર

૪) શીરીનબુ અબ્દુલહુસેન પુનાવાલા
ગુલિસ્તાન એપાર્ટ., આજવા રોડ, વડોદરા.
૧૩ જ. અવ્વલ ૧૪૩૭, ૨૦-૦૨-૨૦૧૬, શનિવાર

૫) અલીભાઈ રજબઅલી ગોદીવાલા
બહાર કોલોની, વડોદરા.
૧૪ જ. અવ્વલ ૧૪૩૭, ૨૧-૦૨-૨૦૧૬, રવિવાર

૬) શીરીનબુ યુસુફઅલી સુરકાવાલા
જહાંગીરપુરા, વડોદરા.
૧૮ જ. અવ્વલ ૧૪૩૭, ૨૫-૦૨-૨૦૧૬, જુમેરાત

૭) નજમુદ્દીન ફીદાઅલી ટીનવાલા
બહાર કોલોની, વડોદરા.
૨૭ જ. અવ્વલ ૧૪૩૭, ૦૫-૦૩-૨૦૧૬, શનિવાર

૮) અમીરૂદ્દીન રજબઅલી ઠાકરાવાલા
બદરી મોહલ્લા, વડોદરા.
૯ જ. ઉખ્રા ૧૪૩૭, ૧૭-૦૩-૨૦૧૬, જુમેરાત

૯) શૌકતહુસેન નજફઅલી પેનવાલા
કૃષ્ણા કોમ્પ., આજવા રોડ, વડોદરા.
૧૬ જ. ઉખ્રા ૧૪૩૭, ૨૪-૦૩-૨૦૧૬, જુમેરાત ☆

**માલ તો તમારા હોવા યા ન હોવા પર તમારા લોગો દરમિયાન તકસીમ થઈ જાશે. અને ઈલ્મ તો તમારા હર અમલને મઝબૂત કરે છે અને જન્નત તરફ લઈ જાવાનો સબબ બને છે.**

## તિજારત


**યા અલી મદદ**

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

**ભાઈસાહેબ ઈબ્રાહીમ**

**સરનામું :** વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

**આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.**

**સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩**

Learn & Earn
Tally
Authorised Training Center & Sales Partner
MS Office
Internet
Tally ERP 9
DTP
Live Web Designing + Hosting
PGDCA Certificate Course (I Year)
C,C++
School Syllabus,
Spoken English
GOVT. CERTIFICATION
LOKHANDWALA'S COMPUTER EDUCATION
Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

**Unique Collection (Electronic Products)**
LED T5 Tube Lights
T5 Tube Lights
LED Bulbs
LED Panel Lights
Light/Fan On/Off with Remote Control
Switches Accessories
CFL Lights
Emergency Lights
Emergency Solar Lights
Bluetooth Speakers
Water Fountain Speakers
Extension Boards and other electronic products
Contact :
**Umallawala Mohammadhusain**
Umallawala Building,
Opp. Surti Video,
Badri Mohalla, Wadi,
Vadodara - 17.
**M.: 9998769628**

**ફેન્સી પર્સ, ઝોલ્લો બનાવી આપીશું તથા દુપટ્ટા, સાડી, પરદી, રૂમાલ, ચાદર વગેરેને બીડીંગ ઇન્ટરલોક, કોડીંગ કરી આપવામાં આવશે.**
(શાદી વગેરે પ્રસંગ માટે કવરો બનાવી આપીશું.)
ફોન : ૯૭૩૭૬૭૩૬૭૦ / ૯૫૫૮૩૯૧૨૯૫. ☆


**હર કામની તાકત નિય્યત મુજબ છે અને હર નિય્યતની તાકત ખુલૂસે દિલ મુજબ છે.**

**નારાઝગી અને ગુસ્સાની તાકત ચુપ રહેવામાં છે.**

## અખ્બારે હાતિમીયહ

**✲ દુબઈની સફરે મયમૂન :**

અલ મૌલા અલ-મુકદ્દસની ઘણા વરસોની ઉમ્મીદ હતી અને દુબઈના મુકીમ મુમેનીન અરઝ પણ કરતા હતા કે, આપ દુબઈ પધારે અને મુમેનીનને દાઅવતે શરીફહની ખિદમતથી ફૈઝયાબ કરે. પણ આપની તબીઅત અને દીગર હાલાત સાઝવાર ન થયા કે, આપ દુબઈની સફરને અમલી જામો પહેરાવી શકે. આપ મૌલાના ઈન્તેકાલ બાદ દુબઈથી પધારેલા મુમેનીને હઝરતે હાતિમીયહમાં અરઝ ગુઝારી કે, આપ તખ્તનશીન થયા બાદ, આપે હિન્દુસ્તાનથી બાહર કોઈ સફર ઈખ્તિયાર કીધી નથી. દુબઈના મુમેનીનની એમ ખ્વાહિશ છે કે, આપ મૌલા દુબઈ પધારીએ, બયઅતે ઈમામુઝઝમાન (અ.સ.) લઈએ અને હમ મુમેનીનને આપ મૌલાની ખિદમત લઈ ઉઠવાનો શરફ બખશીએ.

આ અરઝ કરવામાં સરકરદહ કિરદાર ફૈયાઝુદ્દાઅવત હુસૈનભાઈ મુ. ઝિયાઉદ્દીન એડનવાલા અને અબ્બાસઅલી અલીઅસગરભાઈ અજબશાહનો હતો. આકા મૌલાએ અરઝને કુબૂલ ફરમાવી અને આ બે ભાઈઓને તમામ બંદોબસ્ત કરવાની ઝિમ્મેદારી સોંપી, દુબઈના દીગર મુમેનીનને આ પ્રોગ્રામની તમામ માઅલૂમાત આપવાની સાથે મીટીંગ કરીને હર ખાસો આમ જમાઅતના આ ફંકશનમાં શરીક થાય તેનું કામ સોંપવામાં આવું. ખૈરો નિસાઈલ આલમીન મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) ના ઉર્સે મયમૂનના મૌકા પર હુઝૂરેઆલી (ત.ઉ.શ.) એ ઉમ્મુલમુમેનીન માઁ સાહેબા, અલ-મુઅઝઝમહ બુસાહેબા, મુકાસિર સાહેબ અને રાસુલ હુદૂદ સાહેબ સાથે તા. ૧૧ જુમાદીયુલ ઊલા ૧૪૩૭, જુમેરાતના દિનથી એક હફતા વાસ્તે દુબઈનો સફર ઈખ્તિયાર કીધો. ફૈયાઝુદ્દાઅવતે આકા મૌલા અને બીજા અસ્હાબનો રહેવાનો ઈન્તેઝામ પોતાના ઘર પર જ રાખો હતો. દિલો જાનથી, ઈખ્લાસો મવદ્દતથી, કુરબાનીઓ જાઁનિસારીથી પૂરા ઘરે આકા મૌલાની ખિદમત કીધી હતી.

જુમ્આએ, ઉર્સે મયમૂનના દિન ફૈયાઝુદ્દાઅવતના ઘર પર ઝોહર પહેલા ૫૦ થી ફૈક મુમેનીન અને મુમેનાત મીસાક-મજલિસ-નમાઝ વાસ્તે જમાઅ થયા હતા. આકા મૌલા મુમેનીનને જોઈને મસર્રતમંદ થયા હતા અને મુમેનીન આપ મૌલાના દીદારે અઝીઝથી મુશર્રફ થયા હતા. મુમેનીને આપનો પુરજોશ ઈસ્તિકબાલ કીધો હતો. આકા મૌલાએ મુમેનીનનો અને મુકાસિર સાહેબે મુમેનાતનો બયઅત લીધો હતો. રાસુલ હુદૂદ સાહેબે માઁ ફાતેમા (અ.સ.) નો પુરદર્દ મરસીયો પઢો હતો. **તમામ હાઝેરીનને આપ મૌલાની ઈમામતના ઝરીએ યૌમુલ જુમ્આની નમાઝના સવાબની બેબહા દૌલત હાસિલ થઈ હતી.** માએદતે આલે મોહંમદના થાલ પર બેસીને ખુદાતઆલાની તરહ-તરહની નેઅમતોંને નૌશ ફરમાવી હતી અને શુક્રે ખુદા અદા કીધો હતો. આ પહેલો મૌકો હતો કે, દુબઈમાં આટલી મોટી તાઅદાદમાં જમાઅતના મુમેનીન-મુમેનાત એક જગા પર જમાઅ થયા હોય. લેકાઉલ ઈખ્વાન યાઅની ખુશી-ખુશી ભાઈઓની મુલાકાત કરવાની સઆદત કઈ અજીબો ગરીબ જ હોય છે.

આપ મૌલાએ મુમેનીનને મુખાતિબ થઈને ફરમાવું કે, "દુબઈ જેવા અરબ મુલ્કમાં મુકીમ રહીને, ફેમિલી-ઘરવાલાથી દૂર રહીને, પરાયા લોગો દરમિયાન ઝિંદગી બસર કરીને કારોબાર કરવો યા મુલાઝેમત કરવી તે ઘણી હિમ્મત અને ઝિંદાદિલીનું કામ છે. આપ તમામને મારા સામે બેસેલા જોઈને મને ફરહત થાય છે. આપ વતન છોડીને જે હાલાતમાં અને જે મકસદથી યહાઁ આવેલા છો અને આપ યહાઁ જે બને તે બચત કરીને, કરકસર કરીને ફેમિલીને જે તરહ માલી ઈમદાદ કરો છો તેનાથી હું વાકિફ છું. ખુદાતઆલાની બારગાહમાં એ જ ઈલ્તેજા છે કે, આપ લોગોને યહાઁ વતનનો લુત્ફ મિલે, દિલી સુકૂન મિલે અને રોઝીમાં આસાની થાય, બરકતવાલી થાય."

"અય જવાનોં! આપ આપની શનાખ્ત ન ભુલજો. બે અલીની આ દાઅવતને વફાદાર રહેજો. **આ દાઅવતના અસલ માઁ ફાતેમા (અ.સ.) છે.** અપની દાઅવત ફાતેમી દાઅવત છે, અપને ફાતેમી મુમેનીન છીએ અને જહન્નમના શોઅલાથી આઝાદ છીએ. પંજતને પાક (અ.સ.) ના દરમિયાનમાં માઁ ફાતેમા (અ.સ.) છે. આપના એક જાનિબ નુબૂવત (બકીયાહ પેજ નં. ૧૪૫૨)

**પાક-દામનીની તાકત શરમ રાખવામાં છે.**

(પેજ નં. ૧૩ નું બાકી)

અને વસાયતના સાહેબ છે અને બીજી જાનિબ ઈમામતના સાહેબ છે. દીને ઈસ્લામના હરએક રૂકનના આપ હુજ્જત છે. હર ઈબાદતની શાન લયલતુલ કદરની ઈબાદત છે અને કદરની ઈબાદતની શાન આપ ખુદ છો. આપના નામમાં દરમિયાનમાં "તોઈ" છે. તે "તોઈ", તૈયેબીન-તાહેરીન વાસ્તે છે. મુમેનીનનો આ લકબે ખાસ છે. હર મુમિન તૈયેબ-તાહેર યાઅની જન્મથી, અખ્લાકથી, આદતથી, સીરતથી, સૂરતથી, ઝબાનથી, ઝહેનથી, નઝરથી, અમલથી, ઈલ્મથી, ઝાહિરથી, બાતિનથી પાકો સાફ અને ચોખ્ખા હોય છે. તો અય મારા ભાઈઓ! તમેં યાદ રાખજો કે તમારી અસલીયત શું છે. તમેં કયા નૂરથી બનેલા છો અને તમને કયો મકામ હાસિલ કરવાનો છે."

આપ મૌલાની ઈકામત દૌરાન આપે દાઉદી જમાઅતના ચંદ ભાઈઓની ઝિયાફત કુબૂલ ફરમાવી અને આપ એમના ઘર પર પધારા. આ ભાઈઓ ફૈયાઝુદ્દાઅવતના હમનશીનોં છે અને આપ મૌલાનો દિલી ઈકરામ કીધો. આપ મૌલાએ ફરમાવું કે, "મહબ્બત બગૈર દીન કાઈમ જ ન રહી શકે. દીન તે મહબ્બત અને ખિદમત છે. જો હમને કોઈ એક જગા પર આબાદી-બહેબૂદી સાથે રહેવું હશે તો હમને આપસી ભાઈચારો, મિલનસારી અને સમાજી તઅલ્લુકાત રાખવા જ પડશે. આ તઅલ્લુકાતમાં જો અમીરૂલ મુમેનીન મૌ. અલી (અ.સ.) ના આશિકો મિલી જાય તો આના કરતા બીજી કઈ નૈકબખ્તી હોય શકે. **પરદેશમાં એકબીજાના બનીને રહેવું તે જ ઈમાનનું જૌહર છે અને તકાઝએ વક્ત છે.**"

ઈસ્માઈલી નિઝારી આગાખાની જમાઅતના સરબરાહોંએ આપ મૌલાનું ઈસ્માઈલી સેન્ટર પર યાદગાર ઈસ્તિકબાલ કીધો. પૂરા સેન્ટરનો મુઆએનો કરાવો. કોન્ફરન્સ હોલમાં આપ મૌલાએ એક મોટા સફેદ કાગઝ પર આપના દસ્તે મુબારકથી "નાદે અલીયન યા મઝહરલ અજાઈબ . . ." ની તસ્બીહ લખી ફરમાવી. ફાતેમી ઈમામોંના વક્તમાં મિસિરમાં જે તરહ ઈમારતોં બનતી હતી તે તરઝો તરીકા પર ચંદ ચીઝો સેન્ટરમાં બનેલી છે. આપ મૌલાએ ઈસ્માઈલી અકીદાની ખુસૂસી બારીક ચીઝો સેન્ટરના ડાયરેક્ટરને સમઝાવી હતી અને તે ચીઝોને સેન્ટર પર આવનાર ઈસ્માઈલી લોગોના ઝહેનમાં ઉતારવાની કોશિશ થાય એમ ઈઝહારે ખયાલ કીધો હતો.

દાઉદી જમાઅતની વિઝારતના સાહેબોં અને આઅયાન આકા મૌલાની મુલાકાત વાસ્તે પધારા હતા. એમના માલિક તરફથી તસ્લીમાતો તહીયાત પૈશ કીધા હતા. ઘણી જ ખુશફહેમી સાથે મુલાકાત થઈ હતી. આપ મૌલાએ ફરમાવું હતું કે, "હમણાનો વક્ત અપને ઈસ્માઈલી-બોહરા જમાઅત વાસ્તે જે ઈમામુઝઝમાન (અ.સ.) ની દાઅવતે તૈયેબીયહના અકીદાઓમાં યકીન રાખે છે, સૈયેદુશ-શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની કુરબાની પર આહો બુકા કરે છે, તેને વાસ્તે મુશ્કેલીનો વક્ત છે. **હમેં અકલીયતમાં છે, થોડા છે. ગૈર લોગો જે અપના અકીદાની હકીકતોંને જાણતા નથી તે જેહાલતના સબબ અપના પર ઝુલ્મ કરે છે.** અકીદા અને કાનના કાચા લોગો સાચા દીનને છોડીને બીજાના વરગલાવવામાં આવી જાય છે. હમારા પર વાજિબ બને છે કે, અપને મુમેનીનને આ બદીથી આગાહ કરીએ,તૈયાર કરીએ અને રાહે નજાત પર સાબિત કદમ રાખીએ."

અબ્બાસભાઈ અજબશાહ અને રોનકઅલી દારૂવાલાના ઘર પર શારજાહમાં આકા મૌલા પધારા હતા. આપે ઈમામતની નમાઝ પઢાવી, મજલિસે અહલુલ બૈત (અ.સ.) મુન્અકિદ કીધી હતી. મકાનની ઝીનત અને આરાઈશથી આપ ખુશ થયા હતા. આપે અહલે ખાના વાસ્તે ખુસૂસી દોઆ ફરમાવી કે, ખુદાતઆલા આ ઘર પર અંબિયા, અઈમ્મત અને દોઆતનો સાયો કાઈમો દાઈમ રાખે. હર આફત, બલા, મરઝથી નજાત બખ્શે. આપ લોગો પૂરી લગન અને તનતોડ મહેનત કરીને મુલાઝેમત કરો છો, ઘર ચલાવો છો, ખુદાતઆલા તમારી હર તદબીરમાં તમને કામિયાબ કરે અને જે કઈ રિઝક તમેં કમાવ તેમાં સબર અને શુક્ર આપે. સાહેબે દાઅવતને તમેં ઘર પર મદઉ કીધા, તો હમારા કદમની બરકતથી ખુદા તમારા ઘરબારને હરેલો-ભરેલો રાખે."

જુમેરાતે મગરિબ બાદ આપ મૌલાને વદાઅ કરવા ઘણા મુમેનીન દુબઈના એરપોર્ટ પર આવા અને દોબારહ આપ

(બકીયાહ પેજ નં. ૧૫ પર)

**બૈરોના હુસ્નો જમાલની તાકત પરદગી અને રિદા પહેરવામાં છે.**

(પેજ નં. ૧૪ નું બાકી)

દુબઈ પધારીએ એવી ઈલ્તેજા સાથે તમામે અરઝ ગુઝારી. આપ મૌલાએ હાઝેરીન વાસ્તે ફલાહો બહેબૂદીની દોઆ ફરમાવી. આપ યૌમુલ જુમ્આએ ફજેરે યાઅની ૧૯ જુમાદીયુલ ઊલાના દિન બા-સેહત, બા-આફીયત વતનમાં પધારી ગયા.

**❋ આર્ટ ઑફ લીવીંગના વર્લ્ડ કલ્ચર ફેસ્ટીવલમાં સાહેબે દાઅવતની શિરકત :**

તા. ૩-૪-૫ જુમાદીયુલ ઉખ્રા ૧૪૩૭/૧૧-૧૨-૧૩ માર્ચ ૨૦૧૬, આ અય્યામમાં અસ્ગરઅલી ઠાકરાવાલાની ખિદમતો તદબીરના બાઈસ અને રાસુલ હુદૂદ સાહેબના આર્ટ ઑફ લીવીંગના ખિદમતગુઝારોં સાથે ખુશ-રાબેતો હોવાના સબબ સૈયેદના સાહેબ (ત.ઉ.શ.) આલમી સકાફતી અહતેફાલ-વર્લ્ડ કલ્ચર ફેસ્ટીવલમાં શરીક થાવા નવી દિલ્હી પધારા હતા. તે વાસ્તે આર્ટ ઑફ લીવીંગ-બેંગલોરના ઈદારા તરફથી ઈઝને ખાસ પૈશ કરવામાં આવું હતું. આપ મૌલાની મુલાકાત આ ઈદારાના ફાઉન્ડર શ્રી શ્રી રવિશંકર સાથે થઈ હતી અને આપનું નવી દિલ્હીમાં ગરમજોશીથી ઈસ્તિકબાલ કરવામાં આવું હતું.

જે પૈગામ હમને કુરઆને કરીમ અને અહલુલ બૈત (અ.સ.) આપે છે, તે અમ્ન, સલામતી, ખિદમત, ચોખ્ખાઈ અને મહબ્બતના પરચમને માતહત આ પ્રોગ્રામમાં દુનિયાભર માંથી મુખ્તલિફ મઝહબોં, મસ્લકો, અફકાર અને ઈદારાઓના લોગો એક પ્લેટફોર્મ પર જમાઅ થયા હતા. આ સફર દૌરાન આપ મૌલાની બેશુમાર લોગો સાથે બેઠકો અને ગુફતગૂ થઈ હતી અને મુખ્તલિફ ફિકરો ખયાલ રાખનાર લોગોના મુલ્કોંના હાલાતથી આપ વાકિફ થયા હતા. શામના મુફતીએ આઅઝમ ડૉ. બદરૂદ્દીન અને ઈરાનના ઈમામ ખામેનાઈના નુમાઈંદા ડૉ. મહેદી મહેદવીપૂર સાથે આપની અહમ મુલાકાત થઈ હતી. દાઅવતે શરીફહના ઊલૂમો ફુનૂન, અસ્લો ઊસૂલ અને આઅમાલો અકાઈદના અરબ મુલ્કોંમાં જે જે જગાઓ પર કિતાબોં છપાઈ રહ્યા છે અને શામ-ઈરાનના ઊલમા આ કિતાબોંની દિરાસત કરીને હવે પછી કિતાબોંને છાપવાની તૈયારી કરી રહ્યા છે તેની સૈર-હાસિલ બહેસ આપ મૌલાએ કીધી હતી. આપ મૌલાને શામ અને ઈરાન આવીને સ્ટેટ ગેસ્ટ બનવાનું ઈઝન પણ અરઝ કરવામાં આવું હતું.

આર્ટ ઑફ લીવીંગની નુમાઈંદગી કરનાર ભાઈઓ સાથે ઘણા મૌકાઓ પર ગુફતગૂ થઈ હતી. આ ઈદારાના માતહત લાખો લોગો તેના રઈસને માનીને પોતાની ઠહેરેલી ઝિંદગીમાં સરગરમી લાવવાની કોશિશ કરે છે. ફક્ત અહલે હુનૂદ નહીં પણ અહલે ઈસ્લામના લોગો પણ આ ગિરોહ સાથે વાબિસ્તા છે. દુનિયાના તમામ ગોશાઓમાં થઈ રહેલા ઝુલ્મ, ખાના ખરાબી અને કત્લે આમના નાઝુક અને ફિકરઅંગૈઝ દૌરમાં અમ્નપસંદીની રાહ અપનાવવા વાસ્તે ખિદમતે ખલ્કનો જઝબો રાખનાર ગિરોહો અને તેના રઈસો કમર કસી રહ્યા છે. પોતાનો મકસદ પામવા બાહમી કૌમી મદદ દરકાર થાય કોઈ મુલ્કો મઝહબની આડ બગૈર, તે વાસ્તે આ મુજબના પ્રોગ્રામોંની ઝાહેરાતો થઈ રહી છે. વહ્હાબીયતના બલ પર પૂરી દુનિયામાં ખૌફો તશદુદ અને દહેશતગરદીના સહારે દીને ઈસ્લામ જે તરહ બદનામ થઈ રહ્યું છે અને તેની ગલત તસ્વીર ગૈર લોકોમાં પૈશ થઈ રહી છે, તો આવા ઝાહિરી પ્રોગ્રામોમાં શરીક થઈને, દીને ઈસ્લામ કેવું હકીકી અને કામિલ દીન છે તે વાસ્તેના નઝરીયા પૈશ કરવા અઝહદ ઝરૂરી બની જાય છે.

આપ મૌલાએ ફરમાવું કે, “અપનું દીન, દીને અસ્લી છે. અપનું દીન, દીને ઈન્સાની છે. અપનું દીન, દીને ઈલાહી છે. અપનું દીન, દીને મહબ્બત છે. અપનું દીન, દીને ખાલિસ છે. અપનું દીન, દીને કાઈમ છે. અપનું દીન, દીને તમામ છે. અપનું દીન, દીને અવ્વલ પણ છે અને દીને આખિર પણ છે. અપનું દીન, આસ્માનવાલું પણ છે અને ઝમીનવાલું પણ છે. હવે તમેં સમઝો કે જે દીનની કૈફીયત આવી હોય તો તેના માનનાર કેવા હોવા જોઈએ. **અપનાથી જ દીને મોહમ્મદીને કરાર અને હયાત છે. અપના નઝદીક આજે આલ અને કિતાબ બેવે મૌજૂદ છે.** કોઈ દુનિયાવી રઈસ કે લોગોના ચહેતા લીડરોના કલામ સાંભલવાની અપને ઝરૂરત નથી. કેમકે, આ તમામ કલામ હઝારો સાલથી અંબિયા મુમેનીનને ફરમાવતા આવેલા છે, જેમાં ખલ્કની કરામત, બહેબૂદી, સલામતી, નુસ્રત અને ઈખ્લાસ સિવાય બીજું કઈ જ નથી. જે બંદો આ કરે તે ખુદાની નઝરોંમાં અઝીઝ થાય છે અને આ જ એક અદના મુસલમાનની પહેચાન છે.”

(બકીયાહ પેજ નં.૧૧ પર)

**આદમીયતની તાકત ખાકસારી અને ઝુકવામાં છે.**

## હુઝૂરેઆલી અલ-મૌલા અલ-મુકદ્દસ ફરમાવે છે કે,

✳ મુમેનીન! અલ્લાહતઆલાએ હક્કની દાઅવતમાં ઈમાન રાખનારને હુકમ ફરમાવો છે કે, તમેં તમારા પરવરદિગાર ની રાહ તરફ લોગોને નરમીથી, હિકમતથી અને ભલી નસીહતથી દાઅવત દો. હર મુમિનને જોઈએ કે તે તેના ભાઈને અચ્છાઈ તરફ દાઅવત દે.

✳ મુમેનીન! તમેં તમારા બાપ-દાદાના વેપાર-તિજારતને આગલ વધારો. નોકરી તે નોકરી છે. કારખાનું કે દુકાન હોય તો તમેં તેના માલિક છો. વેપારમાં તરક્કી છે અને નોકરીમાં કોઈની ગુલામી છે. કહેનારે કહ્યું છે કે, ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને નફ્ફત નોકરી.

✳ મુમેનીન! સૈયેદના બદરૂદ્દીન સાહેબ (આ.કુ.) મારા શફીક બાવાજી છે. મારા ઉસ્તાદ છે. મને ઈલ્મ પઢાવીને તરબીયત કરનાર છે. દાઅવતે શરીફહના હર ઝાહિરી-બાતિની ઊમૂરમાં મને કામિલ બનાવનાર છે, મુમેનીન! તમેં તમારા મોઅલ્લિમને હર વક્ત યાદ કરજો, એની ઈઝઝત કરજો.

✳ વાલેદૈન! તમેં તમારી દુખ્તરોંને એમના શૌહરના ઘરે વદાઅ કરો તો નૈક નસીહત કરો. દુખ્તર વાસ્તે શૌહરના માઁ-બાપ તે એના માઁ-બાપ છે. શૌહરનું ઘર તે જ એનું ઘર છે. શૌહરના ઘરે મોહબ્બતથી, ઈખ્લાસથી અને ખિદમત સાથે રહેવું એ દુખ્તર પર લાઝિમ છે. ✯

**આલિમની સોહબત એક દીન મુજબ છે જેના સબબ અલ્લાહની દીનદારી કરવામાં આવે છે અને આલિમની ફરમાઁબરદારી નેકીઓને વધારે છે અને બુરાઈને મીટાવે છે. ઈલ્મથી મુમિનની રૂહાની બલંદી છે અને એની મૌત બાદ એના ઈલ્મને લીધે એની ઝિક્રે ખૈર કરવામાં આવે છે.**

## દાગે ફુરકત

લહૂ કે અશ્ક બરસાઓ કે ગમ કા રોઝ આયા હે,
જહાઁ મેં બાદલે દરદો અલમ ફિર આજ છાયા હે.
હુવા પૂરા બરસ, તૈયેબ ઝિયા શેહ કો કિયે રહેલત,
દિલોં પર દાગે ફુરકત આજ ફિર ભી તાઝા પાયા હે.
કે અપને હી નહીં પર ગૈર ભી તાઅઝીમ કરતેં હૈં,
મોહબ્બત કા દિલોં પર સબકે વો સિક્કા જમાયા હે.
દોઆ મૌલા હરએક મુમિન કે હક્ક મેં કરતેં થેં પૈહમ,
તુમ્હારી સીરતો સૂરત કો આઁખોં મેં બસાયા હે.
સમઝતેં હૈં શરફ અપના નસીહત આપકી સુનકર,
અમલ મેં હર સખુન કો આપકે હમને સજાયા હે.
ગો ચાહા દુશ્મનોં ને ગર્ક હો જાએ મગર શેહ ને,
સફીના મૌજે તૂફાઁ સે યે મિલ્લત કા બચાયા હે.
મઝારે તૈયેબી મેં કબ્ર પર મુમિન હી ક્યા લેકિન,
ફરિશ્તોં ને ભી ફૂલોં કા ગિલાફ આ કર ચઢાયા હે.
હે મજલિસ શેહ કી ઝિક્રા કી યહાઁ ખત્મે કુરઆઁ ભી હે,
હરએક મુમિન ને દિલ સે ફાતેહા શેહ કા દિલાયા હે.
ઝકીયુદ્દીન નાઈબ હૈં ઈમામુલ અસ્ર કે અન્વર,
કદમ પે ઉન્કે અપને મુમિનોં ને સર ઝુકાયા હે. ✯

**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★



Private Circulation For **Ismaili - Taiyebi - Alavi Jamat Mumineen** Only.